## ઓસ્ટ્રેલિયામાં જાતિય શોષણ મામલે ભારતીય મસાજરને 13 વર્ષની સજા

નવી દિલ્હી, તા. 17: ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં એક મસાજ પાર્લરમાં 61 મહિલાઓનું જાતીય શોષણ કરવા બદલ ભારતીય મૂળના એક મસાજ થેરાપિસ્ટને 13 વર્ષ અને 10 મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે, જેમાં ન્યાયાધીશે તેના વર્તનને અનિયંત્રિત અને શોષણયુક્ત ગણાવ્યું હતું. એબીસી ન્યૂઝના અહેવાલ મુજબ, 39 વર્ષીય સુમિત સતીશ રસ્તોગીએ 97 ગુનાઓની કબૂલાત કરી હતી - જેમાં એડિલેડના પશ્ચિમી ઉપનગર ગ્લેનિલ્ગમાં એક મસાજ પાર્લરમાં ઓક્ટોબર 2021થી જુલાઈ 2022 વચ્ચે આચરવામાં આવેલા 55 વખત અશ્લીલ ફિલ્મો બનાવવી (ગુપ્ત રીતે વીડિયો ઉતારવો) અને 42 વખત ગંભીર રીતે જાતીય હુમલા કરવાના ગુનાઓ સામેલ છે.

## માદુરોના ખાસ સાથીને વેનેઝુએલાએ અમેરિકા મોકલી આપ્યો

મિયામી, તા. ૧૭(એપી) વેનેઝુએલાની સરકારે શનિવારે જણાવ્યું હતું કે તેણે નિકોલસ માદુરોના એક નજીકના સાથીને દેશનિકાલ કર્યો છે, જે અમેરિકામાં અનેક ક્રિમિનલ તપાસનો સામનો કરી રહ્યો છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે બિઝનેસમેન એલેક્સ સાબને કેદીઓની અદલાબદલીના ભાગરૂપે પ્રમુખ જો બાઇડન દ્વારા માફી આપવામાં આવ્યાને હજુ ત્રણ વર્ષ પણ પૂરા થયા નથી. આ નિર્ણય એલેક્સ સાબ માટે એક મોટો આંચકો છે, જેને ૨૦૨૦ માં આંતરરાષ્ટ્રીય ધરપકડ બાદ દેશમાં પાછો લાવવા માટે માદુરોએ એડીચોટીનું જોર લગાવ્યું હતું.

## હોર્મુઝમાં જહાજો પર થતા હુમલાઓ અંગે UNમાં ભારતે ચિંતા વ્યક્ત કરી

સંયુક્ત રાષ્ટ્ર, તા. 17(PTI): હોર્મુઝની સામુદ્રધુનીમાં વ્યાપારી જહાજોને નિશાન બનાવવા, નાગરિક ક્રૂ(ચાલક દળ) ને જોખમમાં મૂકવા અને નેવિગેશનની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરવો એ "અસ્વીકાર્ય" છે, તેમ યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વતનેની હરીશે જણાવ્યું છે. ઓમાનના દરિયાકાંઠાની નજીક ભારતનો ધ્વજ ધરાવતા એક વ્યાપારી જહાજ પર હુમલો થયાના દિવસો બાદ, ઉર્જા અને પુરવઠાના પ્રવાહને સુરક્ષિત રાખવા અંગે સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદ (UNECOSOC) ની વિશેષ બેઠકમાં હરીશે આ ટિપ્પણી કરી હતી. ઓમાનના સત્તાવાળાઓએ સોમાલિયાથી આવી રહેલા આ જહાજના તમામ 14 ક્રૂ સભ્યોને બચાવી લીધા હતા, પરંતુ આ હુમલો કોણે કર્યો તે તાત્કાલિક જાણી શકાયું નથી.

## મોરબીમાં ભાડાના રૂ. ૨,૦૦૦ની પતાવટમાં પુરુષે પત્ની-પુત્રી મકાનમાલિકને સોંપી

મોરબી, તા. 17 : ગુજરાતના મોરબીમાં એક મજૂર અને તેના મકાનમાલિકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિ પર આક્ષેપ છે કે તેણે ઘરનું બાકી ભાડું ચૂકવવાના બદલામાં મકાનમાલિકને તેની પત્ની અને સગીર પુત્રીનું જાતીય શોષણ કરવાની મંજૂરી આપી હતી. ફરિયાદ મુજબ, આ પરિવાર કામની શોધમાં આશરે છ મહિના પહેલા મોરબી આવ્યો હતો અને દર મહિને ૨,૦૦૦ના ભાડા પર એક મકાન રાખ્યું હતું. પરિવારની આર્થિક સ્થિતિ બગડતાં તેઓ કથિત રીતે નિયમિતપણે ભાડું ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે, મકાનમાલિકે કથિત રીતે પરિવારની મજબૂરીનો ગેરફાયદો ઉઠાવ્યો અને બાકી ભાડું માફ કરવાના બદલામાં મજૂરની પત્ની પાસે જાતીય સંબંધની માંગણી કરી. પતિ કથિત રીતે આ ગોઠવણ માટે સંમત થયો હતો, જે બાદ મકાનમાલિકે મહિલા પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો.

## મોસ્કોમાં ડ્રોન હુમલામાં ભારતીયનું મોત

મોસ્કો, તા. ૧૭ (પીટીઆઇ) મોસ્કો ક્ષેત્રમાં થયેલા એક ડ્રોન હુમલામાં એક ભારતીય કામદારનું મોત થયું છે અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા છે. એમ ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું હતું. આ ઘટના રશિયા અને યુક્રેન વચ્ચે વધી રહેલી દુશ્મનાવટની વચ્ચે સામે આવી છે. યુક્રેને મોસ્કોમાં આવેલા પ્રતિષ્ઠાનોને નિશાન બનાવીને રાત્રિ દરમિયાન હુમલા કર્યા હતા. રશિયામાં સ્થિત ભારતીય દૂતાવાસે એક્સ પર જણાવ્યું કે, "આજે વહેલી સવારે મોસ્કો ક્ષેત્રમાં થયેલા ડ્રોન હુમલામાં એક ભારતીય કામદારે પોતાનો જીવ ગુમાવ્યો છે અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા છે.

# કોંગો, યુગાન્ડામાં ઈબોલા ફાટી નિકળતા વૈશ્વિક કટોકટી જાહેર

**બંને** દેશો મળીને ૩૦૦થી વધુ શંકાસ્પદ કેસો અને ૮૮નાં મોત છે

**વર્તમાન** પ્રકોપ 'બુંદીબુગ્યો વાયરસ'ને કારણે ફાટ્યો છે, આ વાયરસ વધુ ઘાતક છે



### કોંગોમાં પ્રકોપની ઓળખ થાય તે પહેલાં ૫૦નાં મોત થઇ ચુક્યા

કાસેયાએ જણાવ્યું હતું કે ધીમી ઓળખને કારણે પ્રતિક્રિયા આપવામાં વિલંબ થયો અને આ પ્રકોપને ફેલાવવાનો સમય મળી ગયો. આફ્રિકા સીડીસીએ જણાવ્યું હતું કે, ૫ મેના રોજ સોશિયલ મીડિયા દ્વારા આરોગ્ય સત્તાવાળાઓને આ પ્રકોપ વિશે પ્રથમ વખત જાણ કરવામાં આવી ત્યાં સુધીમાં ૫૦ મોતો નોંધાઈ ચૂકી હતી.

અબુજા(નાઈજીરિયા), તા. ૧૭(એપી): ૩૦૦થી વધુ શંકાસ્પદ કેસો અને ૮૮ મોતો બાદ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના ડાયરેક્ટર-જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે રવિવારે કોંગો અને પડોશી દેશ યુગાન્ડામાં ફેલાયેલા ઈબોલા રોગના પ્રકોપને આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

એક્સ (X) પર એક પોસ્ટમાં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે આ પ્રકોપ કોવિડ-૧૯ મહામારી જેવી વૈશ્વિક મહામારીની કટોકટીના માપદંડોને પૂર્ણ કરતો નથી, અને આંતરરાષ્ટ્રીય સરહદો બંધ ન કરવાની સલાહ આપી છે. WHO એ જણાવ્યું કે કોંગોની રાજધાની કિન્શાસામાં પણ પ્રયોગશાળામાં પુષ્ટિ થયેલો એક કેસ નોંધાયો છે, જે આ પ્રકોપના મુખ્ય કેન્દ્ર એવા પૂર્વીય પ્રાંત ઇતુરીથી આશરે ૧,૦૦૦ કિલોમીટર (૬૨૦ માઇલ) દૂર છે, જે આ રોગના વધુ વ્યાપક પ્રસાર તરફ સંકેત કરે છે. સંસ્થાએ જણાવ્યું કે આ દર્દીએ ઇતુરીની મુલાકાત લીધી હતી અને કોંગોના સૌથી વધુ વસ્તી ધરાવતા અને ઇતુરીની સરહદને અડતા પ્રાંતોમાંના એક એવા નોર્થ કીવુ પ્રાંતમાં પણ અન્ય શંકાસ્પદ કેસો નોંધાયા છે.

ઈબોલા અત્યંત ચેપી છે અને તે ઉલટી, લોહી અથવા વીર્ય જેવા શારીરિક પ્રવાહીના સંપર્ક દ્વારા ફેલાઈ શકે છે.

તેના કારણે થતો રોગ દુર્લભ છે, પરંતુ ગંભીર અને ઘણીવાર ઘાતક હોય છે. આ ઈબોલાનો એક દુર્લભ, જેની સારવાર કરવી અઘરી છે તેવો વેરિઅન્ટ (પ્રકાર) છે આરોગ્ય સત્તાવાળાઓનું કહેવું છે કે શુક્રવારે પ્રથમ વખત પુષ્ટિ થયેલો વર્તમાન પ્રકોપ 'બુંદીબુગ્યો વાયરસ'ને કારણે થયો છે, જે ઈબોલા રોગનો એક દુર્લભ પ્રકાર છે અને તેની કોઈ માન્ય સારવાર કે રસી ઉપલબ્ધ નથી.

# નેધરલેન્ડની મુલાકાત પતાવી સ્વીડન પહોંચેલા મોદીની ક્રિસ્ટરસન સાથે મંત્રણા

**સ્વીડિશ** હવાઇદળના વિમાનોએ મોદીના વિમાનને એસ્કોર્ટ કર્યું

**એરપોર્ટ** પર સ્વાગત કરવા ખુદ સ્વીડિશ વડાપ્રધાન આવ્યા

**સ્વીડિશ** વડાપ્રધાન સાથે મંત્રણા કરી, અનેક ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ભાર



### ભારતીય સમુદાયે સાંસ્કૃતિક પ્રદર્શન સાથે સ્વાગત કર્યું

ગોથેનબર્ગમાં ઉતરાણ કર્યા બાદ તરત જ મોદી ત્યાં આવેલા ભારતીય સમુદાયના લોકોને મળ્યા હતા જેઓ તેમનું સ્વાગત કરવા માટે ત્યાં હાજર હતા. સંગીતમય પ્રસ્તુતિઓ સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં એક સ્વીડિશ મહિલા કલાકાત દ્વારા વૈષ્ણવ જન તો તેને રે કહીએ..ભજનની પ્રસ્તુતિનો પણ સમાવેશ થાય છે. સ્વીડિશ વડાપ્રધાનની હાજરીમાં યોજાયેલા સ્વાગત સમારંભમાં બંગાળી સંસ્કૃતિની ઝલક બતાવવામાં આવી હતી.

ગોથેનબર્ગ (સ્વીડન), ૧૭(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સ્વીડન પહોંચ્યા હતા, જ્યાં તેમણે પોતાના સ્વીડિશ સમકક્ષ સાથે વેપાર, ટેકનોલોજી, સંરક્ષણ અને અન્ય મહત્વના ક્ષેત્રો પર ચર્ચા કરી હતી. ગોથેનબર્ગમાં લેન્ડિંગ કરતી વખતે વડાપ્રધાનના વિમાનને સ્વીડિશ એરફોર્સના જેટ વિમાનો દ્વારા એસ્કોર્ટ કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર તેમના સ્વીડિશ સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, હું વેપાર, રોકાણ, ઈનોવેશન, સંરક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં ભારત-સ્વીડન મિત્રતાને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન ક્રિસ્ટરસનને મળીશ. મોદીની બે દિવસીય સ્વીડન મુલાકાત દ્વિપક્ષીય વેપારને વધારવા માટે સહયોગના નવા માર્ગો શોધવા પર કેન્દ્રિત રહેશે, જે ૨૦૨૫ માં ૭.૭૫ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના સ્વીડિશ સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે વ્યાપક ચર્ચા કરી હતી, જેમાં વેપાર, ટેકનોલોજી, સંરક્ષણ અને અન્ય મહત્વના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.બે દિવસની મુલાકાતે આજે વહેલી સવારે અહીં પહોંચેલા પીએમ મોદીનું ગોથેનબર્ગ એરપોર્ટ પર સ્વીડિશ પીએમ ક્રિસ્ટરસન દ્વારા વિશેષ સન્માન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ આ અગાઉ ૨૦૧૮માં પ્રથમ ભારત-નોર્ડિક સમિટ માટે સ્વીડનની મુલાકાત લીધી હતી.

પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા દરમિયાન, બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરી હતી અને દ્વિપક્ષીય વેપારને વધારવા માટે સહયોગના નવા માર્ગો શોધ્યા હતા, જે ૨૦૨૫માં ૭.૭૫ અબજ યુએસ ડૉલર સુધી પહોંચ્યો હતો.

## મોદીને સ્વીડનનો પ્રતિષ્ઠિત 'રોયલ ઓર્ડર ઓફ પોલર સ્ટાર' એવોર્ડ અપાયો

ગોથેનબર્ગ(સ્વીડન), તા. ૧૭(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રવિવારે સ્વીડનના 'રોયલ ઓર્ડર ઓફ પોલર સ્ટાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે આ સ્કેન્ડિનેવિયન દેશ દ્વારા કોઈ પણ સરકારના વડાને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે. વડાપ્રધાન મોદીનું આ ૩૧મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. આ પુરસ્કાર સરકારના વડાને આપી શકાય તેવો સર્વોચ્ચ સ્વીડિશ એવોર્ડ છે. સત્તાવાર વેબસાઇટ અનુસાર, 'રોયલ ઓર્ડર ઓફ ધ પોલર સ્ટાર'ની સ્થાપના ૧૭૪૮માં કરવામાં આવી હતી. આ સન્માન સ્વીડન માટે અથવા સ્વીડનના હિતો માટેના વ્યક્તિગત પ્રયાસો, ખાસ કરીને જાહેર પ્રવૃત્તિઓમાં, તેમજ જાહેર કાર્યો અને ફરજોના સફળ સંચાલનને માન્યતા આપવા માટે આપવામાં આવે છે.



# બાંગ્લાદેશમાં 'ટ્રમ્પ' નામની ભેંસ સાથે સેલ્ફી લેવા પડાપડી

**બાંગ્લાદેશમાં** બે ભેંસને લોકો ટ્રમ્પ અને નેતન્યાહુ સાથે સરખાવી તેને જોવા માટે ઉમટી રહ્યા છે

નવી દિલ્હી, તા. 17 : બાંગ્લાદેશમાં જ્યારે ઈદ-ઉલ-અઝહા (બકરીદ)ની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે બે અસાધારણ રીતે પ્રખ્યાત થયેલી ભેંસો આકર્ષણનું કેન્દ્ર બની છે. આવું માત્ર તેમના આકારને કારણે નથી, પરંતુ સ્થાનિક લોકોનું માનવું છે કે, આ બન્ને ભેંસો વૈશ્વિક રાજકીય નેતાઓ ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહુ જેવી દેખાય છે. ઢાકા નજીકના ફાર્મ પર આ પ્રાણીઓ અત્યારે ભીડ, સેલ્ફી અને લોકોની ભારે ઉત્સુકતા આકર્ષિત કરી રહ્યા છે. 'ડોનાલ્ડ ટ્રમ્પ' ઉપનામ ધરાવતી આ ભેંસનું વજન લગભગ ૭૦૦ કિલોગ્રામ છે. તે તેની આછી ત્વચા અને હળવા રંગના વાળને કારણે લોકપ્રિય થઈ છે, જેના વિશે ઘણા મુલાકાતીઓનું કહેવું છે કે તે તેમને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિની આગવી હેરસ્ટાઈલની યાદ અપાવે છે. એક મુલાકાતીએ મજાક કરતાં કહ્યું હતું કે, આ ભેંસ ભલે ટ્રમ્પ જેવી દેખાતી હોય, પરંતુ તેનો સ્વભાવ ઘણો શાંત અને નમ્ર છે.

# શ્રીલકાના હંબનટોટા નજીક વ્યુહાત્મક એરપોર્ટ લીઝ પર લેવા ભારતની નજર

**હંબનટોટા** બંદર શ્રીલંકાએ ચીનને ભાડાપટે આપ્યું છે ત્યારે આ એરપોર્ટ પોતે લીઝ પર લેવા ભારતની ઉત્સુકતા

નવી દિલ્હી, તા. ૧૭(પીટીઆઈ): શ્રીલંકા દ્વારા ચીન-નિયંત્રિત હંબનટોટા બંદર નજીકના એક એરપોર્ટનું નિયંત્રણ વિદેશી રોકાણકારોને સોંપવાના નિર્ણય પર ભારત ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. આ બાબતથી માહિતગાર લોકોએ રવિવારે જણાવ્યું હતું કે, આ નિર્ણય હિંદ મહાસાગરમાં વ્યૂહાત્મક પકડ મજબૂત કરવા ઈચ્છતી ભારતીય કંપનીઓ માટે એક દુર્લભ તક સાબિત થઈ શકે છે.

શ્રીલંકા સરકારે હંબનટોટામાં આવેલા મત્તાલા રાજપક્ષે ઈન્ટરનેશનલ એરપોર્ટ (MRIA)નું નિયંત્રણ ૩૦ વર્ષના બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (BOT) મોડલ હેઠળ સોંપવા માટે ૯ જૂન સુધીમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો પાસેથી 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' મંગાવ્યા છે. વર્ષ ૨૦૧૭માં, ચીને ૯૯ વર્ષની લીઝ દ્વારા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા હંબનટોટા બંદર પર નિયંત્રણ મેળવ્યું હતું, જેણે આ મેગા ટ્રાન્ઝિટ હબના ભૌગોલિક સ્થાનને જોતા નવી દિલ્હીની ચિંતાઓમાં વધારો કર્યો હતો.

ગયા વર્ષે એપ્રિલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ ટાપુ રાષ્ટ્રની મુલાકાત બાદ બંને પાડોશી દેશો વેપાર અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યા છે, તેવામાં નવી દિલ્હી આ નવી તક પર આતુરતાપૂર્વક નજર રાખી રહ્યું છે.

માહિતગાર લોકોએ જણાવ્યું કે, રાજધાની કોલંબોથી લગભગ ૨૫૦ કિમી દૂર આવેલું મત્તાલા રાજપક્ષે ઈન્ટરનેશનલ એરપોર્ટ તેના શરૂઆતના પ્રથમ દાયકામાં ભારે મુશ્કેલીઓમાંથી પસાર થયું છે. મોટી મહત્વકાંક્ષાઓ સાથે ૨૦૧૩માં શરૂ થયેલા આ પ્રોજેક્ટનો ખર્ચ ૨૦૯ મિલિયન અમેરિકી ડોલર હતો, જેનું મુખ્ય ધિરાણ ચીનની એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. જો કે, આધુનિક ટર્મિનલ બિલ્ડિંગ અને ૩,૫૦૦ મીટરનો રનવે હોવા છતાં, તે વ્યાવસાયિક રીતે ટકી રહેવા માટે જરૂરી પેસેન્જર ટ્રાફિક અને એરલાઈન્સ આકર્ષવામાં નિષ્ફળ રહ્યું હતું.

ભારતના પરિપ્રેક્ષ્યમાં, આ પ્રોજેક્ટ ટાપુ રાષ્ટ્ર પર પોતાના રાજકીય અને આર્થિક પ્રભાવને વિસ્તારવાના ચીનના વધતા જતા પ્રયાસોની પૃષ્ઠભૂમિમાં વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. આ બાબતથી વાકેફ એક વ્યક્તિએ જણાવ્યું કે, હંબનટોટામાં ભારતની હાજરી એ ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને હિંદ મહાસાગર ક્ષેત્ર માટેની 'વિઝન મહાસાગર' પ્રતિબદ્ધતાની એક નક્કર અભિવ્યક્તિ હશે, ખાસ કરીને એક નજીકના ભાગીદાર દેશમાં વિશ્વાસ-નિર્માણના રોકાણ તરીકે આ ખૂબ મહત્વનું છે.

## પેજ 3

### અદિતિ રાવ હૈદરીની કાન્સમાં નિયોન ગ્રીન વન-શોલ્ડર ગાઉનમાં બોલ્ડ એન્ટ્રી



કાન્સ, તા. 17 : ટોની વોર્ડ કુતૂરના સ્પ્રિંગ/સમર 2025 કલેક્શનમાંથી નિયોન મેટાલિક ગ્રીન ગાઉનમાં સજ્જ થઈને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં પહોંચેલી અદિતિ રાવ હૈદરીએ સૌનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. અભિનેત્રીએ બાદમાં ઇન્સ્ટાગ્રામ પર તેના આ લેટેસ્ટ લુકનો એક વીડિયો શેર કર્યો હતો, જ્યાં તેના લુકે સોશિયલ મીડિયા પર ફેન્સનું ધ્યાન ઝડપથી આકર્ષિત કર્યું હતું. આ વન-શોલ્ડર ગાઉનના ઉપરના ભાગમાં ઝીણવટભર્યું ડિઝાઇન વર્ક કરવામાં આવ્યું હતું, જે આ આઉટફિટને બોલ્ડ અને સ્ટાઇલિશ લુક આપતું હતું.

### ઉર્વશી રૌતેલાએ કાન્સમાં ગીગી હદીદ જેવી જ સાડી પહેરીને એન્ટ્રી કરી



કાન્સ, તા. ૧૭ : શું તમને સુપરમોડેલ ગીગી હદીદની ભારતની સાડીવાળી પળ યાદ છે? હા, બરાબર એ જ. ઉર્વશી રૌતેલાએ પણ કાન્સના રેડ કાર્પેટ પર બિલકુલ સમાન દેખાતી ગોલ્ડ બોર્ડર, ડ્રેપ્ડ પલ્લુ અને સ્કલ્પચરલ ગોલ્ડ બ્લાઉઝ વાળી આઈવરી સાડીમાં એન્ટ્રી કરી. એનએમએસીસીના ઉદ્ઘાટન પ્રસંગે અબુ જાની સંદીપ ખોસલાએ ડિઝાઇન કરેલી આઈવરી-એન્ડ-ગોલ્ડ સાડી, ચિકનકારી બેઝ, ભારે ભરતકામવાળી બોર્ડર અને સાઉથ ઈન્ડિયન જ્વેલરીની ઝલક આપતું ઘાટીલું ગોલ્ડ બ્લાઉઝ ગીગી હદીદે ધારણ કર્યું હતું.

### વિજય સામે મને કોઇ ઈર્ષ્યા નથી, સ્ટાલિન સાથેની મુલાકાત માત્ર મિત્રતાપૂર્ણ હતી : રજનીકાંત

ચેન્નાઈ તા. ૧૭ (PTI) સુપરસ્ટાર રજનીકાંતે રવિવારે મુખ્યમંત્રી સી. જોસેફ વિજય પ્રત્યે કોઈ ઈર્ષ્યા હોવાનો ઈનકાર કર્યો હતો અને સ્પષ્ટતા કરી હતી કે ડીએમકે પ્રમુખ એમ. કે. સ્ટાલિન સાથેની તેમની તાજેતરની મુલાકાત શુદ્ધ મિત્રતાપૂર્ણ મુલાકાત હતી અને તે કોઈ રાજકીય હેતુથી કરવામાં આવી ન હતી. અહીં તેમના નિવાસસ્થાને પત્રકારો સાથે વાતચીત કરતાં આ ટોચના સ્ટારે સ્પષ્ટ કર્યું હતું કે, ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્ટાલિન સાથેની મુલાકાત વિજયની મુખ્યમંત્રી બનવાની આકાંક્ષાઓમાં અવરોધ ઊભો કરવાનો કે રાજકીય પક્ષોનું વિલીનીકરણ કરવાનો પ્રયાસ નહોતો. મુખ્યમંત્રી વિજય પ્રત્યે તેમને કોઈ ઈર્ષ્યા હોવાની વાતને નકારી કાઢતાં તેણે જણાવ્યું હતું કે, તેની અને સીએમ વચ્ચે ૨૫ વર્ષનો પેઢીગત તફાવત છે અને નાની ઉંમરે વિજયની પ્રભાવશાળી સિદ્ધિઓની પ્રશંસા કરી હતી.

# FBI વડા કશ પટેલ ગર્લફ્રેન્ડને સરકારી પ્લેનમાં મ્યુઝિક કન્સર્ટ જોવા લઈ ગયા

**હજારો** ડોલરના ભાડાવાળા હોટલ સ્યુટમાં રોકાયા, સુરક્ષા કર્મીઓ મોડે સુધી તૈનાત રખાયા

**પટેલ** પર અગાઉ પણ આ પ્રકારના આરોપો લાગ્યા છે

વોશિંગ્ટન, તા. ૧૭: અમેરિકાની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FBI) ના ડાયરેક્ટર ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવ્યા છે. ભારતીય મૂળના કાશ પટેલ પર આરોપ છે કે તેમણે પોતાની સત્તાવાર યાત્રાને ગર્લફ્રેન્ડ સાથે લક્ઝરી ટૂરમાં બદલી નાખી. પટેલ પર બ્યુરોના સંસાધનોનો અંગત કામ માટે ઉપયોગ કરવા અંગે સવાલો ઉભા થઈ રહ્યા છે. પટેલ પર પોતાની ગર્લફ્રેન્ડને એક મ્યુઝિક કન્સર્ટમાં લઈ જવા માટે FBIના જેટ પ્લેનનો ઉપયોગ કરવાનો આરોપ છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, 46 વર્ષના કાશ પટેલે 10 મે 2025ના રોજ પોતાની 27 વર્ષની ગર્લફ્રેન્ડ એલેક્સિસ વિલ્કિન્સ સાથે FBI ના ગલ્ફસ્ટ્રીમ વી જેટમાં વોશિંગ્ટનથી ફિલાડેલ્ફિયા સુધી ઉડાન ભરી હતી. પટેલ ત્યાં એક મ્યુઝિક કન્સર્ટમાં ભાગ લેવા ગયા હતા અને તે જ રાત્રે પરત ફર્યા હતા. અહેવાલ અનુસાર, આ કપલે 35,000 થી 50,000 ડોલરની કિંમતના એક પ્રાઈવેટ સ્યુટમાંથી જોર્જ સ્ટ્રેટ અને ક્રિસ સ્ટેપલટનનું પરફોર્મન્સ જોયું હતું.

# વ્હાઈટ હાઉસની સુરક્ષા વધારવાનું બિલ પાસ ન થયું

**સુધારીને** નવેસરથી દરખાસ્ત કરાય તેવી વકી

વોશિંગ્ટન, તા. ૧૭(એપી): વ્હાઈટ હાઉસ કેમ્પસ અને પ્રમુખના નવા બોલરૂમ માટે ૧ અબજ અમેરિકી ડોલરના સુરક્ષા વધારાને ભંડોળ પૂરું પાડવાની દરખાસ્ત પ્રક્રિયાગત નિયમોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે, તેમ સેનેટ પાર્લામેન્ટેરિયન(સંસદીય નિયમોના નિષ્ણાત) અનુસાર જણાવવામાં આવ્યું છે. આગામી ત્રણ વર્ષ માટે ઈમિગ્રેશન અમલીકરણ એજન્સીઓને ભંડોળ પૂરું પાડવાના બિલના ભાગ રૂપે આ દરખાસ્તને સામેલ કરવાની રિપબ્લિકન યોજનાઓ માટે આ એક મોટો ઝટકો છે. શનિવારે મોડી રાત્રે સેનેટ ડેમોક્રેટ્સ દ્વારા વર્ણવવામાં આવેલા પાર્લામેન્ટેરિયનના ચુકાદામાં જણાવાયું છે કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈસ્ટ વિંગના મોટા પાયે નવિનીકરણ જેટલો મોટો અને જટિલ પ્રોજેક્ટ બજેટ બિલમાં સામેલ કરવા માટે ઘણો વ્યાપક છે, જેને પસાર કરવા માટે માત્ર સામાન્ય બહુમતીની જરૂર છે - અને ડેમોક્રેટના કોઈ મતોની જરૂર નથી.

# મુંબઈના વિક્રોલીમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 350 ટનના કટરહેડને શાફ્ટમાં ઉતારાયો

**ટીબીએમ** મશીન વિક્રોલીથી આશરે 6 કિલોમીટરનો પ્રવાસ કરીને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચશે



મુંબઈ તા. 17 : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ વિક્રોલીમાં ટનલ બોરિંગ મશીનના પ્રથમ કટરહેડને સફળતાપૂર્વક શાફ્ટમાં ઉતારવામાં આવ્યો. 13.6 મીટર વ્યાસ અને આશરે 350 ટન વજન ધરાવતો આ કટરહેડ TBMના મુખ્ય શીલ્ડની પ્રાથમિક એસેમ્બલીના અંતિમ તબક્કાનું પ્રતીક છે.

21 કિલોમીટર લાંબા મુંબઈ ટનલ વિભાગમાંથી 16 કિલોમીટર ભાગના નિર્માણ માટે બે TBM મશીનો એસેમ્બલ કરવામાં આવી રહ્યા છે. તેમાં ઠાણે ક્રીક નીચે બનનાર 7 કિલોમીટર લાંબી ટનલનો પણ સમાવેશ થાય છે, જે ભારતની પ્રથમ સમુદ્રની નીચેની રેલ ટનલ હશે. દરેક TBM નું વજન 3,000 ટનથી વધુ છે અને રેલ ટનલ નિર્માણ માટે દેશમાં અત્યાર સુધી ઉપયોગમાં લેવાયેલા સૌથી મોટી મશીનો છે. આ TBM વિક્રોલીથી આશરે 6 કિલોમીટરનો પ્રવાસ કરીને ઘન શહેરી વિસ્તાર અને મીઠી નદીની નીચેથી પસાર થઈને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે નિર્માણાધીન મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચશે, જ્યાં તેને બહાર કાઢવામાં આવશે.

ટનલ ખોદકામની સુરક્ષા તથા આસપાસની સંરચનાઓની સતત દેખરેખ સુનિશ્ચિત કરવા માટે વિવિધ મોનિટરિંગ સાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમાં સરફેસ સેટલમેન્ટ પોઈન્ટ્સ, ઓપ્ટિકલ ડિસ્પ્લેસમેન્ટ સેન્સર્સ અથવા ટિલ્ટ મીટર્સ, BRT, ટનલની સપાટી પર સૂક્ષ્મ ખેંચાણ માપવા માટે સ્ટ્રેન ગેજ, તેમજ પીક પાર્ટિકલ વેલોસિટી અથવા કંપન અને ભૂકંપીય તરંગોની દેખરેખ માટે સીસ્મોગ્રાફનો સમાવેશ થાય છે.


## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત તેના માલિક ચિરાગ ભુપતભાઈ વાનાણીના ઓ એ પોતાની કુલ, સ્વતંત્ર, સંપુર્ણ માલીકી અને કબજા વહીવટમાં ચાલી આવેલ હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને હમારા અસીલ ભવિષ્યમાં સદરહુ મિલકત અંગેનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેના મજકુર માલીક પાસેથી કરાવી લેનાર છે. પરંતુ ચિરાગ ભુપતભાઈ વાનાણીના અસલ દસ્તાવેજ જે મહે. સુરતના કતારગામ સબ રજી. કચેરી ખાતે દસ્તાવેજ નં. ૧૮૪૫૮/૨૦૨૨ જે તા. ૧૩-૦૬-૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે તે દસ્તાવેજ ગેરવલ્લે થયેલાનુ જણાવેલ છે.

મજકુર મિલકત તેના માલીક હરકોઈ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાને જામીનગીરીમાં આપેલ નથી કે સદરહુ મિલકત ઉપર કોઈ ચાર્જ કે બોજો કે લીયન નથી કે સદરહુ મિલકત હરકોઈને હરકોઈ પ્રકારથી કે માલીકીપણાં માંથી તબદીલ કરેલ નથી તેવું જણાવેલ છે. અને સદરહુ મીલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનો ભરોસો અને વિશ્વાસ આપેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો હોય તો તેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં હમોને જાણ કરવી. તેમાં કસુર થયેથી મુદ્દત વિત્યાથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ દરદાવો કે હક્ક હિસ્સો નથી અને જો હોય તો તે જતો કરેલ છે. તેમ માની હમારા અસીલો મજકુર માલીક કનેથી સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ કે અટકાયત ચાલશે નહિ જેની લાગતા વળગતા સર્વે એ ખાસ નોંધ લેવી.

### મિલકતની વિગત

ડિસ્ટ્રીક્ટ સુરત, સબ- ડિસ્ટ્રીક્ટ ચોર્યાસીના શહેર સુરતના મોજે ગામ સિંગણપોર ગામતળમાં આવેલ જમીન જેનો ઘર નં.૧૨૪, સુરત સીટી સર્વે નં. ટીકા નં.૨૩, ચાલતા નં.૬૫, વોર્ડ સિંગણપોર વાળી સુમારે ૪૨૭૦.૮૪ ચો.મી. વાળી જમીનમાં આયોજન કરવામાં આવેલ "પુષ્પ વાટીકા" નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લેટ નં.૦૯ કે જેનુ માપ સુમારે ૧૪X૩૬ યાને ૫૦૪ ચો.ફુટ યાને ૪૬.૮૪ ચો.મી. તે જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની કુલ્લે દરોબસ્ત..

સ્થળઃ- સુરત, તા.૧૧-૦૫-૨૦૨૬

સરનામુંઃ- ૩૫૬, અભિષેક આર્કેટ, ચીકુવાડી- ધનલક્ષ્મી રોડ, અનુપમ આર્કેટની પાછળ, યોગી ચોક, સુરત. મો. ૯૦૮૧૫-૩૩૮૬૮

વિશાલ એમ. તળાવીયા
તે
ખરીદનારના એડવોકેટ



## પશ્ચિમ રેલવે

### "પાર્સલ SLR/VPના લીઝિંગ"ના કરાર માટે ઈ-ઓક્શન

મુંબઈ ડિવિઝનમાંથી શરૂ થતી ટ્રેનોમાં પાર્સલ SLR/VP લીઝ પર આપવાના કરાર માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવી છે. આ કેટલોગ IREPSની વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છેઃ જેની વિગતો નીચે મુજબ છેઃ -

| ઓક્શન કેટલોગ નં. | લોટ નં. | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| કરારનો પ્રકારઃ પાર્સલ | કરારનો સમયગાળોઃ 3 વર્ષ | કેટેગરીઃ પાર્સલ SLR અને VP |
| MMCT-PLS- 26-30 | 21901-SLR-R1-BDTS-BME-26-1 | લોટ માટે ઈ-ઓક્શન 20/05/2026ના રોજ 12:00 કલાકે શરૂ થશે. શરૂઆતનો કુલિંગ પિરિયડ 30 મિનિટનો છે. |
| | 12009-SLR-F1-MMCT-ADI-26-1 | |
| | 22909-SLR-F1-BL-PURI-26-1 | |
| | 19003-SLR-F2-DDR-BSL-26-2 | |
| | 22921-SLR-R1-BDTS-GKP-26-1 | |
| | 02133-SLR-R1-BDTS-JBP-26-1 | |
| | 02133-SLR-F1-BDTS-JBP-26-1 | |
| | 02133-SLR-F2-BDTS-JBP-26-3 | |
| | 19091-SLR-R1-BDTS-GKP-26-2 | |
| | 12480-SLR-R1-BDTS-JU-26-1 | |
| | 22921-SLR-F1-BDTS-GKP-26-1 | |
| | 22971-SLR-F1-BDTS-PNBE-26-1 | |
| | 22949-SLR-R1-BDTS-DEE-26-2 | |
| કરારનો પ્રકારઃ પાર્સલ | કરારનો સમયગાળોઃ 3 મહિના | કેટેગરીઃ પાર્સલ SLR અને VP |
| MMCT-PLS- 26-30 | 09065-SLR-R1-ST-CPR-26-3 | લોટ માટે ઈ-ઓક્શન 20/05/2026ના રોજ 12:00 કલાકે શરૂ થશે.શરૂઆતનો કુલિંગ પિરિયડ 30 મિનિટનો છે. |
| કરારનો પ્રકારઃ પાર્સલ | કરારનો સમયગાળોઃ 3 વર્ષ | કેટેગરીઃ પાર્સલ SLR અને VP |
| MMCT-PLS- 26-31 | 12927-SLR-R1-DDR-EKNR-26-1 | લોટ માટે ઈ-ઓક્શન 25/05/2026ના રોજ 12:00 કલાકે શરૂ થશે.શરૂઆતનો કુલિંગ પિરિયડ 30 મિનિટનો છે. |
| કરારનો પ્રકારઃ પાર્સલ | કરારનો સમયગાળોઃ 3 વર્ષ | કેટેગરીઃ પાર્સલ SLR અને VP |
| MMCT-PLS- 26-32 | 12995-SLR-F1-BDTS-AII 26-1 | લોટ માટે ઈ-ઓક્શન 26/05/2026ના રોજ 12:00 કલાકે શરૂ થશે. શરૂઆતનો કુલિંગ પિરિયડ 30 મિનિટનો છે. |
| | 19051-SLR-F1-BL-MFP-26-1 | |
| | 22947-SLR-R1-ST-BGP-26-1 | |
| | 22947-SLR-F1-ST-BGP-26-2 | |
| | 22444-SLR-R1-BDTS-CNB-26-1 | |
| | 22901-SLR-F1-BDTS-UDZ-26-1 | |

નોંધઃ- પાર્સલ SLR/VPsના ઈ-ઓક્શનની વિગતો માટે કૃપા કરીને આ સાઇટની મુલાકાત લોઃ www.ireps.gov.in/ireps. 0103

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly